પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૩૭ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૯૨ | ૨ જાન્યુઆરી, ૨૦૧૭, સોમવાર ; પોષ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પેટ્રોલ-ડિઝલના ભાવમાં પુનઃ વધારો

## પેટ્રોલમાં સેલ ટેક્સ-વેટ સિવાય ૧.૨૯નો વધારો : ડિઝલમાં વેટ અને સેલ ટેક્સ સિવાય લીટરદીઠ ૦.૯૭નો વધારો કરાયો : ગુજરાતમાં ભાવ વધારો વધારે રહેશે

નવી દિલ્હી, તા.૧

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ફરી એકવાર વધારો કરવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વેટ અને સેલ ટેક્સ સિવાય ક્રમશઃ લીટરદીઠ ૧.૨૯ રૂપિયા અને ૯૭ પૈસા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આ ભાવમાં વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યા બાદ સામાન્ય લોકો ઉપર વધુ બોજ પડશે. અન્ય રાજ્યોમાં વધારો પણ જુદી રીતે લાગુ થશે. વેટ અને સેલ ટેક્સને ધ્યાનમાં લેવામાં આવે તો ગુજરાતમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં આ વધારો વધારે રહેશે. કારણ કે વેટ પણ લાગુ કરવામાં આવશે. આ વધારો કરાયા બાદ નવા વર્ષમાં પ્રથમ દિવસે જ સામાન્ય લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. ગઈકાલે કેન્દ્ર સરકાર દ્વારા નોટબંધીના ૫૦ દિવસ પુરા થયા પછી કેટલીક રાહતો જાહેર કરાઈ હતી પરંતુ નવા વર્ષમાં વર્તમાન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. અત્રે નોંધનિય છે કે નોટબંધીના કારણે પહેલાથી જ પરેશાન થયેલા લોકો ઉપર અગાઉ ૧૬મી ડિસેમ્બરના દિવસે વધુ એક બોજ ઝીંકી દેવામાં આવ્યો હતો. તે વખતે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. વેટ અને રાજ્યોના અન્ય ટેક્સ સિવાય પેટ્રોલની કિંમતમાં ૨.૨૧ અને ડિઝલની કિંમતમાં પ્રતિલીટર ૧.૭૯ સુધીનો વધારો છેલ્લે કરવામાં આવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય ગેસોલીનની કિંમતમાં વધારો થયા બાદ પેટ્રોલ

● અનુસંધાન પાન-૭ પર

## જન ધન ખાતા ધારક દ્વારા કુલ ૩,૨૮૫ કરોડ ઉપાડી લેવાયા

### સાતમી ડિસેમ્બરના દિવસે કુલ ડિપોઝીટનો આંકડો ૭૪૬૧૦ કરોડ હતો જે ૨૮મી ડિસેમ્બરે આંકડો ૭૧૦૩૭ કરોડ થઈ ગયો હતો

નવી દિલ્હી, તા.૧

જન ધનના ખાતા ધારકો દ્વારા છેલ્લા પખવાડિયામાં ૩૨૮૫ કરોડ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા છે. નવેમ્બર મહિનામાં નોટબંધીની જાહેરાત બાદ અભૂતપૂર્વ રીતે નાણા જમા કરવામાં આવ્યા હતા. નાણા મંત્રાલયના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે સાતમી ડિસેમ્બરના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન કુલ ડિપોઝીટ કરાયેલી રકમનો આંકડો ૭૪૬૧૦ કરોડ રૂપિયાનો હતો. ત્યારબાદથી તેમાં નોંધપાત્ર રીતે ઘટાડો થયો છે. એટલે કે ૨૮મી ડિસેમ્બરના દિવસે આ આંકડો ઘટીને ૭૧૦૩૭ કરોડની આસપાસનો થઈ ગયો છે. નોટબંધી બાદ મુકવામાં આવેલી ૫૦ દિવસની અવધી પુરી થાય તેના બે દિવસ પહેલા આ આંકડો નોંધાયો હતો. છેલ્લા પખવાડીયામાં કુલ ડિપોઝીટનો આંકડો ૩૨૮૫ કરોડ સુધી ઘટી ગયો હતો. માસિક ઉપાડ મર્યાદાને ૩૦મી નવેમ્બરથી મહિને ૧૦ હજાર રૂપિયા કરવામાં આવી હતી. જન ધન ખાતાઓને દુરૂપયોગને રોકવા માટે શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યા બાદથી માસિક અપર ઉપાડ મર્યાદાને ૧૦,૦૦૦ રૂપિયા કરવામાં આવી હતી. જન ધન ખાતામાં ડિપોઝીટ માટેની અપર લિમિટ ૫૦ હજાર રૂપિયા રાખવામાં આવેલી છે. નવમી નવેમ્બરના દિવસે આવા ખાતામાં બેલેન્સનો આંકડો ૪૫૬૩૬.૬૧ કરોડ રૂપિયા નોંધાયો હતો. આવા ખાતાઓની સંખ્યા ૨૫.૫ કરોડ જેટલી નોંધાયેલી છે.



આક્રોશ રેલી - ફિક્સ પગારદારો, આંગણવાડીના આશાવર્કરો અને બેરોજગારોની જંગી આક્રોશ રેલીએ ગાંધીનગરમાં પોલીસને ભર શિયાળે પરસેવો પડાવ્યો હતો... હજારોની સંખ્યામાં ઉમટેલા યુવાનોએ શરૂઆતમાં ઘ-માર્ગ પર ધરપકડ વહોરી હતી... ક્રમશઃ ધરપકડો થતાં વ્યુહરચનાના ભાગ રૂપે સેંકડોની સંખ્યામાં યુવાનો અક્ષરધામના પાર્કિંગમાં પહોંચી ગયા હતા અને મુખ્યમંત્રીના બંગલે પહોંચવાનું એલાન કરતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી... સરકારના છાજીયા લઈ સમગ્ર વાતાવરણને આક્રોશમય બનાવ્યું હતું... આ છે નવા વર્ષનું ગાંધીનગરનું પહેલું દશ્ય.....

## ગેસ સિલિન્ડર, કેરોસીનના ભાવમાં ફરી વધારો કરાયો

### ગેસ સિલિન્ડરની કિંમતમાં બે રૂપિયા સુધી વધારો થયો એટીએફની કિંમત વધતા વિમાની ભાડા વધવાના સંકેત

નવી દિલ્હી,તા. ૧

નવા વર્ષમાં સબસીડીવાળા ગેસ સિલિન્ડર અથવા તો એલપીજી અને કેરોસીનની કિંમતમાં વધારો થયો છે. આ ઉપરાંત એવિએશન ફ્યુઅલની કિંમતમાં પણ વધારો થયો છે. જેના પરિણામ સ્વરૂપે વિમાની ભાડામાં વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. સબસીડીવાળા ગેસ સિલિન્ડર ખરીદતી વેળા વધુ નાણાં ચૂકવવા પડશે. ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા ફ્યુઅલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. જેમાં એટીએફનો સમાવેશ થાય છે. એલપીજી, કેરોસીન અને એટીએફની કિંમતમાં દર મહિનામાં પ્રથમ દિવસે સુધારા કરવામાં આવે છે. વૈશ્વિક તેલ કિંમતો અને વિદેશી હુંડિયામણ રેટના આધાર ઉપર આ ફેરફારો જોવા મળે છે. ગેસ સિલિન્ડરની કિંમતમાં સતત સાતમી વખત વધારો કરવામાં આવ્યો છે. આ વધારો કરવામાં આવ્યા બાદ સબસીડીવાળા એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં બે રૂપિયાનો વધારો થશે. દિલ્હીમાં તેની કિંમત ૪૩૪.૭૧ રૂપિયા થશે જે હાલમાં ૪૩૨.૭૧ રૂપિયા છે. સરકારે એલપીજી સબસીસીડીના સંદર્ભમાં ગણતરી કર્યા બાદ જુલાઈ મહિનામાં દર મહિને રૂપિયા બે પ્રતિ સિલિન્ડરમાં વધારાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદથી આ દોર જારી રહ્યો છે. બિનસબસીડીવાળા એલપીજીની કિંમતમાં પણ શનિવારના દિવસે એક રૂપિયાનો વધારો કરાયો હતો. જેથી તેની કિંમત ૫૮૫ રૂપિયા થઈ હતી.

# સ્ટેટ બેંકની લોન સસ્તી

## ધિરાણ દરમાં ૦.૯ ટકાનો કરાયેલો ઘટાડો : અન્ય બેંકો પણ લોન સસ્તી કરે તેવા સંકેત : મોદીએ બેંકને અપીલ કર્યાના એક દિવસ બાદ જ ઘટાડો કરાયો : જુદી જુદી પાકતી મુદતો માટેના લોનમાં ઘટાડો : નવા દરો તાત્કાલિક અમલી બનાવાયા

નવી દિલ્હી, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેન્કોને ગરીબ અને નિમ્ન મધ્ય વર્ગના લોકોને લોનમાં પ્રાથમિકતા આપવાનું સૂચન કર્યાના એક દિવસ બાદ જ તેની સીધી અસર જોવા મળી રહી છે. દેશની સૌથી બેંક ભારતીય સ્ટેટ બેંક (એસબીઆઈ)એ પોતાની જુદી જુદી પાકતી અવધીના બેંચમાર્ક લોનના દરમાં ૦.૯ ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી દીધી છે. ૯૦ બેઝીક પોઈન્ટનો ઘટાડો તેના ધિરાણ દરમાં એસબીઆઈએ કર્યા બાદ અન્ય બેંકો પણ આ દિશામાં આગળ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. ત્રણ વર્ષની પાકતી અવધિ સુધીની રેન્જમાં આ ઘટાડો કરવામાં આવ્યો છે. ડિપોઝીટમાં હાલમાં ઉલ્લેખનિય વધારો નોંધાયા બાદ આ નિર્ણયને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નવા દરો તરત જ અમલી બનાવી દેવામાં આવ્યા છે. અન્ય બેંકો પણ આ દિશામાં ઝડપથી આગળ વધે તેવા સંકેત મળી રહ્યા છે. એસબીઆઈએ એક વર્ષની અવધિ માટે લોન દરને ૮.૯૦ ટકાથી ઘટાડીને ૮ ટકા કરવાની જાહેરાત કરી છે. એસબીઆઈએ નિર્ણય કર્યા બાદ ફંડ આધારીત લેન્ડીંગ રેટ (એમસીએલઆર)ના દર ૮.૬૫ ટકાથી ઘટીને ૭.૭૫ ટકા થયા છે. જ્યારે ત્રણ વર્ષની લોનના રેટ ૯.૦૫ ટકાથી ઘટીને ૮.૧૫ ટકા થયા છે. અન્ય પાકતી મુદત માટેના ધિરાણ દરમાં પણ ઉલ્લેખનિય ઘટાડો થતા સામાન્ય લોકોને આનો સીધો લાભ મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. વડાપ્રધાને ગઈકાલે જ બેંકોને ગરીબ અને મધ્યમ વર્ગ તરફ ખાસ ધ્યાન આપવા માટે કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે બેંકોની સ્વાયતત્તાનું સન્માન કરીને તેઓ કહેવા માંગે છે કે પોતાની પરંપરાગત પ્રાથમિકતાથી આગળ વધીને ગરીબ, નિમ્ન મધ્યમ વર્ગ તથા મધ્યમ વર્ગ ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે.

## સમાજવાદી પાર્ટીમાં ડ્રામેબાજીનો દોર યથાવત

### અખિલેશ સપાના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે નિમાયા જ્યારે મુલાયમસિંહ સપાના સંરક્ષક તરીકે નિમાયા : રામગોપાલ બાદ અખિલેશના વધુ બે સાથીઓની હકાલપટ્ટી : અખિલેશ સમર્થકોએ પાર્ટી મુખ્યાલય પર કબજો જમાવ્યો : શિવપાલના રૂમની બહારની પ્લેટને દુર કરાઈ

લખનૌ, તા.૧

સમાજવાદી પાર્ટીમાં રવિવારના દિવસે નવા નવા વળાંકોનો દોર જારી રહ્યો હતો. સમાજવાદી પાર્ટીમાં ડ્રામેબાજી હજુ જારી રહે તેવા સંકેત મળી રહ્યા છે. રામગોપાલ યાદવની છ વર્ષ માટે પાર્ટીમાંથી હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ અહેવાલ મુજબ મુલાયમસિંહ યાદવે વધુ બેની સમાજવાદી પાર્ટીમાંથી હકાલપટ્ટી કરી દીધી હતી. મુખ્યમંત્રી અખિલેશના વધુ બે સમર્થકો કિરણ મોયનંદા અને નરેશ અગ્રવાલની હકાલપટ્ટી કરવામાં આવી હતી. લખનૌમાં પાર્ટી ઓફિસ પર હાઈડ્રામાની સ્થિતિ જોવા મળી હતી. અખિલેશના સમર્થકોએ તોડફોડ કરી હતી. શિવપાલ યાદવની નેમ પ્લેટને દુર કરી દીધી હતી. મુલાયમસિંહ યાદવે હવે પાંચમી જાન્યુઆરીના દિવસે પાર્ટીના કાર્યકરોની વધુ એક બેઠક બોલાવવાનો નિર્ણય કર્યો છે. કઠોર શબ્દો સાથે એક પત્ર જારી કરવામાં આવ્યો છે. જેમાં રામગોપાલ સીધી રીતે પ્રહાર કરવામાં આવ્યા છે અને કહેવામાં આવ્યું છે કે કેટલાક લોકો સીબીઆઈથી બચવા પ્રયાસ કરી રહ્યા છે અને નેતાજીનું અપમાન કરવા ભાજપની મદદ કરી રહ્યા છે. આજે સવારથી જ બેઠકોનો દોર જારી રહ્યો હતો. અખિલેશ ગ્રુપે પાર્ટીમાં લગભગ બળવા જેવી સ્થિતિ સર્જી હતી. લખનૌના જાનેશ્વર મિશ્રા માર્ગ ખાતે પાર્ટીની કારોબારી બેઠકમાં રામગોપાલ યાદવે પાર્ટી પ્રમુખ તરીકે અખિલેશની નિમણૂંકની જાહેરાત કરી હતી અને પાર્ટીમાંથી અમરસિંહને દુર કરી દીધા હતા.

# તુર્કી નાઈટ ક્લબમાં આતંકી હુમલો

## શાંતાક્લોઝના વેશમાં આતંકવાદીનો ગોળીબાર : બે ભારતીય સહિત ૩૯ના મોત : જેમાં અબીઝ રિઝવી રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્યના પુત્ર છે અને ગુજરાતના ખુશી શાહનો સમાવેશ થાય છે : તુર્કીમાં સઘન સુરક્ષા વ્યવસ્થા

ઈસ્તાનબુલ,તા. ૧

નવા વર્ષના પ્રથમ દિવસે જ તુર્કીમાં નાઈટ ક્લબમાં કરવામાં આવેલા ભીષણ હુમલામાં ૩૯ લોકોના મોત થઈ ગયા છે. નવા વર્ષના કાર્યક્રમ દરમિયાન એક વ્યક્તિએ ક્લબમાં ઘુસીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં અન્ય ૪૦ લોકો ઘાયલ થયા છે. ઈસ્તાનબુલના ઓરતાકોએ જિલ્લામાં નાઈટ ક્લબમાં આ બનાવ બન્યો હતો. અંધાધૂંધ ગોળીબારમાં માર્યા ગયેલાઓમાં ૧૬ વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. હુમલાખોર શાંતાક્લોઝ





કોસચ્યુમમાં ક્લબમાં ઘુસી ગયો હતો અને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જાણકાર પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે હુમલાખોરે એક પોલીસ કર્મચારી અને એક નાગરિકની ક્લબની બહાર ગોળી મારીને હત્યા કરી દીધી હતી. ત્યારબાદ તે ઘાતક ઈરાદા સાથે ક્લબમાં ઘુસી ગયો હતો. પોલીસનું કહેવું છે કે આ શખ્સે અંધાધૂંધ ગોળીબાર કરીને નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ તમામ લોકો નવા વર્ષની ઉજવણી કરવા માટે પહોંચ્યા હતા. સ્થાનિક સમય મુજબ દોઢ વાગ્યાની આસપાસ રિયાના નાઈટ ક્લબમાં આ શખ્સ ઘુસી ગયો હતો. ખાનગી ટેલિવિઝન સમાચાર સંસ્થાના કહેવા મુજબ જ્યારે આ હુમલો કરાયો ત્યારે ક્લબમાં ૫૦૦થી પણ વધુ લોકો હતા. કેટલાક લોકો બચી જવા માટે પાણીમાં કુદી ગયા હતા. સમાચારમાં જણાવવામાં આવ્યું છે કે આ બનાવ બાદ ભારે અંધાધૂંધી ફેલાઈ હતી. બચાવ અને રાહત કામગીરી હાથ ધરાયા બાદ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તુર્ગીમાં આ હુમલો કરવામાં આવ્યા બાદ વિશ્વના અન્ય દેશોમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી હતી.

ખતરનાક શખ્સ દ્વારા કરવામાં આવેલા આ ગોળીબારના કારણે તુર્કીમાં ઉજવણી ખોરવાઈ ગઈ હતી. ઘટનાસ્થળે અફડાતફડી જોવા મળી હતી. લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ હતી. હુમલો આ શખ્સે કેમ કર્યે તે સંદર્ભમાં માહિતી મળી શકી નથી.

### કેજરીવાલની તરફ શુઝ ફેંકાયું

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર રોહતકમાં આજે એક જનસભા દરમ્યાન એક શખ્સે શુઝ ફેંકતા ચકચાર મચી ગઈ હતી. નોટબંધી સામે કેજરીવાલ રેલી યોજી રહ્યા હતા ત્યારે જ તેમની સામે શુઝ ફેંકવામાં આવ્યો હતો. જેથી આ શુઝ ટાર્ગેટ ચુકી જતા કેજરીવાલને કોઈપણ પ્રકારની ઈજા થઈ ન હતી.


ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક લિ.
સેક્ટર-૨૧, ગાંધીનગર
૧૮માં વર્ષમાં મંગલ પ્રવેશ
આજ રોજ બેંક ૧૭ વર્ષ પુર્ણ કરી ૧૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે.
સ્થાપના કાળથી આજ સુધી સભાસદો, થાપણદારો, ખાતેદારો તથા શુભેચ્છકો તરફથી સ્નેહભર્યો સહકાર મળેલ છે. બેંક સર્વેનો આભાર વ્યક્ત કરે છે. આવો જ સહકાર મળી રહે તેવી અપેક્ષા સાથે વર્ષ ૨૦૧૭ સૌને ફળદાયી નિવડે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.
પ્રહલાદભાઈ એસ. પટેલ — મેનેજીંગ ડિરેક્ટર
પરસોત્તમભાઈ એમ. પટેલ — ચેરમેન
ગોવિંદભાઈ એમ. પટેલ — જનરલ મેનેજર
પ્રહલાદભાઈ આઈ. પટેલ — વાઈસ ચેરમેન
-: ડિરેક્ટર્સ :-
ડાહ્યાભાઈ ટી. પટેલ | પ્રકાશભાઈ આર. પટેલ
કાલીદાસ વી. પટેલ | ઈન્દીરાબેન આર. પટેલ
બિપીનભાઈ વી. પટેલ | ભાવનાબેન બી. પટેલ
ચંદુભાઈ એચ. પટેલ | ગિરીશચંદ્ર ટી. ઝાટકીયા
અશોકકુમાર સી. પટેલ | ગોરધનભાઈ જે. રાઘવાણી
નટવરલાલ આર. પટેલ | (સમસ્ત કર્મચારી ગણ)